જનસંપર્ક અધિકારી,

પોલીસ કમિશનરશ્રીની કચેરી,અમદાવાદ શહેર

પી.આર.ઓ. : ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩

કંટ્રોલરૂમ નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦



તા.૨૦/૧૦/૨૦૨૫ સોમવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

નશાબંધી તથા જુગારધારા હેઠળ ઝડપાયાઃ– **સમાચાર યાદી નં.૧૪૭૭/૨૦૨૫**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૨૫ કેસ કરી, ૨૬ વ્યક્તિઓને ઝડપી, ૭૫ લીટર દેશી દારૂ, ૨૨૦ બોટલ ઈંગ્લીશ દારૂ, ૧૦૧૨ કવાર્ટર ઈંગ્લીશ દારૂ, ૪૯૮ બિયર ટીન અને ૦૨ સ્કુટર કબજે કર્યા હતા. તેમજ જુગારધારા હેઠળ ૦૩ કેસ કરી, ૧૧ વ્યક્તિઓને ઝડપી, રોકડ રૂપિયા ૮૫૯૦/– અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ– **સમાચાર યાદી નં.૧૪૭૮/૨૦૨૫**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ બી.એન.એસ.એસ.૧૨૬,૧૨૮,૧૨૯,૧૭૦ મુજબ ૪૧ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

ત્યજી દિધેલ મૃત શિશુ મળી આવવા બાબતઃ– **સમાચાર યાદી નં.૧૪૭૯/૨૦૨૫**

નારોલઃ તા.૧૯/૧૦/૨૦૨૫ બપોરના ૩/૩૦ વાગ્યાના સુમારે ટોરેન્ટ પાવર પાછળ એસ.ટી.નિગમના ખુલ્લા મેદાનમાંથી તાજુ જન્મેલ મૃત શિશુ ત્યજી દિધેલ હાલતમાં મળી આવતા નારોલ પોલીસે અજાણી વ્યક્તિ વિરૂધ્ધ ગુનો નોંધી આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી એ.એ.વ્યાસ ચલાવે છે.

વિશ્વાસઘાત અને છેતરપીંડીઃ– **સમાચાર યાદી નં.૧૪૮૦/૨૦૨૫**

નારોલઃ અજયસિંહ બ્રિજમોહન માલી (ઉ.વ.૩૨)(રહે.પ્લોટ નં.૮૦, જગદંબા ગ્રેનાઇટ, ક્રિષ્ણા કોમ્પ્લેક્ષની બાજુમાં નારોલ) એ તા.૧૯/૧૦/૨૦૨૫ ના રોજ નારોલ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૨૬/૦૯/૨૦૨૫ સવારના ૧૦/૦૦ થી તા.૨૭/૦૯/૨૦૨૫ સાંજના ૫/૩૦ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન મોબાઇલ નંબર ૭૫૭૦૮૧૭૫૫૨ ના ધારકે અજયસિંહ માલીને ફોન કરી તેમના ક્રેડીટકાર્ડમાં લીમીટ વધારવાની વાત કરી, અજયસિંહને વિશ્વાસમા લઈ, ક્રેડીટકાર્ડમાં લીમીટ વધારવા પ્રોસેસ કરાવી અજયસિંહ માલીના ફોનમાં આવેલ ઓ.ટી.પી.મેળવી લઈ અજયસિંહ માલીના ખાતામાંથી ત્રણ ટ્રાન્ઝેકશન દ્વારા કુલ રૂપિયા ૨,૯૧,૦૦૦/– ઓનલાઈન ટ્રાન્સફર કરી લીધા હતા, ત્યારબાદ તા.૦૯/૧૦/૨૦૨૫ ના રોજ રૂપિયા ૯૪,૦૦૦/– પરત કરી બાકી રૂપિયા ૧,૯૭,૦૦૦/– ખાતામાં જમા નહી કરી અજયસિંહ માલી સાથે વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી પી.સી.દેસાઈ ચલાવે છે.

ઘરફોડઃ– **સમાચાર ચાદી નં.૧૪૮૧/૨૦૨૫**

વેજલપુરઃ અસ્લમભાઇ સ/ઓ ઉસ્માનભાઇ પરમાર (રહે.ગુલપોસ પાર્ક સોસાયટી, ગુજરાત ફ્રીઝની પાછળ જુહાપુરા) એ વેજલપુર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૧૯/૧૦/૨૦૨૫ કલાક ૨/૦૦ થી ૩/૦૦ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન જુહાપુરા સરખેજ રોડ ખાતે "ગુજરાત ફ્રીજ" નામના પોતાના ગોડાઉનની છતના પતરાના નટ બોલ્ટ ખોલી, અજાણી વ્યક્તિ ગોડાઉનમાં પ્રવેશ કરી, કેશ કાઉન્ટરના ટેબલ ઉપરથી આશરે રોકડ રૂપિયા ૩,૦૦૦/– સાથેની દાનપેટી તથા ટેબલના ડ્રોઅરમાંથી રોકડ રૂપિયા ૨૦,૦૦,૦૦૦/– મળી કુલ રૂપિયા ૨૦,૦૩,૦૦૦/– મતાની ચોરી કરી લઇ ગઇ છે. આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી આર.એસ.પરમાર ચલાવે છે.

આત્મહત્યાઃ– **સમાચાર ચાદી નં.૧૪૮૨/૨૦૨૫**

વાડજઃ દિનેશભાઈ મોતીલાલ ભીલ (ઉ.વ.૩૯)(રહે.બાબુભાઈની ચાલી, ગાંધીનગરનો ટેકરો, ભીલના છાપરા, જુના વાડજ) એ અગમ્ય કારણસર તા.૧૯/૧૦/૨૦૨૫ સાંજના ૪/૪૫ વાગ્યાના સુમારે પોતાના ઘરની છતમાં લગાવેલી લાકડાની વળી સાથે દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે વાડજ પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ હે.કો.શ્રી યુવરાજસિહ ખુમાનસિહ ચલાવે છે.

નિકોલઃ ધર્મેશભાઇ પ્યારેલાલ કુમાવત (ઉ.વ.૫૫)(રહે.વૈદેહી રેસીડસી જનતાનગર રામોલ) એ અગમ્ય કારણસર તા.૧૯/૧૦/૨૦૨૫ સવારના ૮/૦૦ વાગ્યા પહેલા નિકોલ કઠવાડા જી.આઈ.ડી.સી રતનમ એસ્ટેટ શેડ નંબર–૧૯ ની બાજુમાં ઝાડની ડાળી સાથે દોરી બાધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે નિકોલ પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ હે.કો.શ્રી દિનેશભાઇ વાલજીભાઈ ચલાવે છે.

દાણીલીમડાઃ સાજીદભાઈ સ/ઓ મોહમદકલ્લા કુરેશી (ઉ.વ.૪૧)(રહે.સંતોષનગર ઔડાના મકાન બહેરામપુરા) એ અગમ્ય કારણસર તા.૧૯/૧૦/૨૦૨૫ બપોરના ૧૨/૩૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે દાણીલીમડા પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ હે.કો.શ્રી ભરતભાઈ ભલાભાઈ ચલાવે છે.

નારોલઃ પપ્પુ રાજારાજ યાદવ (ઉ.વ.૪૨) (રહે.ભરવાડવાસ નેસડાપરા સૈજપુર ગોપાલપુર) એ અગમ્ય કારણસર તા.૧૯/૧૦/૨૦૨૫ સાંજના ૩/૩૦ વાગ્યા પહેલા પોતાના ઘરે પંખા સાથે દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે નારોલ પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ મ.સ.ઇ.શ્રી આણંદભા આપાભા ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
પી.આર.ઓ. યુનિટ
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી